<u>ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૩/૨૦૨૬</u>

<u>આંક–૦૧ લગત હુકમ</u>

અરજી વંચાણે લીધી. ત્યારબાદ સદર કામના સામાવાળાઓને નોટીસ કરવામાં આવેલ જે બજી જતા આજરોજ સામાવાળા નં.૧ થી ૪ અત્રેની કોર્ટમા હાજર રહેલ જે પૈકી સામાવાળા નં.૧ કે જેઓ આ કામમાં ભોગ બનનાર તરીકે દર્શાવવામાં આવે છે તે બારીયા યોગીનાબેન ઈનેશભાઈ નાઓનું સોગંદ ઉપર નિવેદન આંક–૦૭ થી નોંધવામાં આવેલ છે જેમાં જણાવેલ વિગતો અનુસાર જુબાની જોતા સામાવાળા નં.૧ હાલ પિતાને ત્યા રહે છે તેમજ અરજદાર જે હાલ સામાવાળા નં.૧ ના પતિ થાય છે અને તેઓએ હાલની અરજી કરેલ છે પરંતુ સામાવાળા નં.૧ ના લગ્ન જીવન દરમ્યાન અરજદારે બીજી બૈયરી કરી લીધેલ હોય જેના કારણે સામાવાળા નં.૧ ને ઘરમાથી કાઢી મુકેલ હોય તેમજ તેઓ અરજદાર સાથે જવા માંગતા ન હોય તેમજ તેઓના માતાપિતાએ ગોંધી રાખેલ નથી કે કોઈ જ જાતનું દબાણ કરવામા આવેલ નથી હુ મારી મરજીથી માતાપિતાને ત્યા રહે છે તેમના માતાપિતાએ કોઈ જ ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ ન હોવાનું જણાવેલ છે ત્યારે સામાવાળા નં.૧ અરજદાર પાસે જવા માંગતા ન હોવાની હકીકતો રેકર્ડ ઉપર આવવા પામેલ હોય ત્યારે હાલની અરજીમા કોઈ તથ્ય જણાતું નથી. આથી હાલની અરજી ઉપરોકત વિગતે અને કારણે ના–મંજુર કરી ડિસ્પોઝ કરવામાં આવે છે.

તા.૨૩/૦૪/૨૦૨૬
ઝાલોદ.

( ડો.આઈ.એસ.ભાટી )<br>એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ<br>ઝાલોદ.